શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત

# પંચોલી નવયુગ

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત
શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર અને
સ્વયં ગ્રુપ-અંકલેશ્વર આયોજિત

## સ્વ. અંજનાબેન જયેશભાઈ મહેતા સ્મૃતિ

## आकांक्षा-3

અર્પણકર્તા
હસ્તે : ભારતી હેમંતકુમાર મિસ્ત્રી-સુરત, મૃદુતા મિસ્ત્રી પંચોલી-સુરત, ડો. શ્વેતા મિસ્ત્રી પંચોલી-અમદાવાદ



તા. ૨૯.૧૨.૨૦૧૯, રવિવાર- સ્થળ : મા શારદાભવન એ.સી. હોલ

ફેબ્રુઆરી-૨૦૨૦ અંક - ૨ વર્ષ ૫૮ સળંગઅંક : ૪૭૩
માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.
તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી
Pancholi Navyug Email : pancholinavyug@gmail.com
Email : infospssmm@gmail.com Web site : www. pancholisamaj.org

# સમાજપિતા
# સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રીને
# ૪૩મી પૂણ્યતીથીએ ભાવાંજલિ



સ્વ. છગનલાલ ત્રિભોવનદાસ મિસ્ત્રી

જન્મ : ૨૩·૧·૧૯૨૧ અવસાન : ૧૦·૨·૧૯૭૭

।। स्वेन क्रतुना संवेदत : ।।

મનુષ્ય પોતાના કર્મ દ્વારા બોલે...

કેવળ વાતો ન કરે....

પરંતુ કર્મ કરીને બતાવે...

**અર્પણકર્તા**

શ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રી
પ્રમુખ

શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી
માનદ્ મહામંત્રી

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**
**ના હોદ્દેદારો અને સંલગ્ન સંસ્થાઓ**

શ્રી ધવલકુમાર જે. પંચોલી
અધ્યક્ષ-સી.ટી.સ્મારક નિધિ

શ્રી દક્ષયભાઈ પી. ગજ્જર
મંત્રી-સી.ટી.સ્મારક નિધિ

# હાર્દિક અભિનંદન......



**Siddhi Gandhi**
Happy Birthday
30th January






**Siddhi Gandhi**
B.Design.

અમારા કુટુંબની લાડલી **ચિ. સિધ્ધિ** ને Bachelor of Interior Design (B.Design)
ની ડીગ્રી પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.
ચિ. સિધ્ધિએ પ્રાપ્ત કરેલ આ સિધ્ધિ બદલ અમે સૌ ગૌરવ અનુભવીએ છીએ.
ચિ. સિધ્ધિ શૈક્ષણિક અને ઈત્તર પ્રવૃત્તિઓમાં રસ લઈને અવિરત પ્રગતિ કરતી રહે
અને તેના ઉજ્જવલ ભવિષ્ય માટે અમે સૌ
હાર્દિક શુભેચ્છાઓ સહ આશીર્વાદ પાઠવીએ છીએ....

**પદમાબેન-પ્રશાંતભાઈ વિ. ગાંધી**
**પારૂલ-હિતેશ પી. ગાંધી**
**પાયલ-હર્ષિત એચ. ગાંધી(કેનેડા)**
**રીટા-રાકેશ પી. ગાંધી**
**ચિ. મેઘા રાકેશ ગાંધી**
**ચિ. ધ્રુવ રાકેશ ગાંધી (કેનેડા)**

**મધુબેન-રમેશચંદ્ર એન. પંચોલી ફેમીલી-વડોદરા**
**રશ્મીબેન-ઘનશ્યામભાઈ આર. પંચોલી ફેમીલી (USA)**
**હિના-જગદિશચંદ્ર એમ. પંચોલી ફેમીલી (UK)**
**બેલા-સંજયકુમાર એ. ગાંધી ફેમીલી (નવાપુર)**

**Hitesh Kumar P. Gandhi**
Rayakwad Street,
Vyara. Dist. Tapi
Gujarat



**Riddhi Siddhi Tele. Com**
2nd Floor, City Mall
Vyara.
Mo. 98252 13645
Email : hgandhiji@gmail.com

# આકાંક્ષા-૩ની ઝાંખી



ગણેશ વંદના-અંકલેશ્વર



બીલીમોરા મહિલા મંડળ



સ્વયં-સુરત



કશ્વી મિસ્ત્રી-મમીક્રી-મુંબઈ



સ્વયં-નવસારી



હેલ્લારો-સ્વયં અંકલેશ્વર



૭૫ વર્ષની સફર-આવિષ્કાર ગ્રુપ મુંબઈ



ફની ડાન્સ-સ્વયં - વડોદરા

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

## ફેબ્રુઆરી-૨૦૨૦

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. ૮૦૦/- |
| પા પેજ | રૂા. ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| માસિક | રૂા. ૧૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. ૧૦૦/- |

# તંત્રી નોંધ



સુજ્ઞ જ્ઞાતિજનો.....

કુશળ હશો....

ઉતરાયણ ગઇ.... પતંગો ચગાવ્યા... પેચ લડાવી... કોઇના કાપ્યા અને કોઇના લૂટયા.... આ તહેવારો પણ માનવ મન જેવા જ હોય છે... એ પણ જીવનમાં આવા ઉદ્યમો કરતો રહે છે....

આકાંક્ષા-૩ સુંદર રીતે સફળતાને વર્યો અને પંચોલી સમાજના નવયુવાનોએ સુંદર રજુઆતો કરી.... આ પંચોલી નવયુવાનો આપણી આવતીકાલ છે... યુવાનો એક થઇ આગળ આવો, સમાજની પ્રગતિમાં સિંહફાળો આપો... આપનું કાર્ય આપણા જ ભવિષ્યના બાળકો માટે પ્રેરણારૂપ અને ઉપયોગી બની રહેશે.....

દરેક ગામના યુવાનોને વિનંતી છે કે આપણા ગામમાં મરણ પ્રસંગ, લગ્ન પ્રસંગ, જન્મ પ્રસંગ અને લગ્નની ૨૫ તથા ૫૦મી એનીવર્સરી કે પછી આપના જીવનની ૫૦મી વર્ષગાંઠ કે ૭૫મી વર્ષગાંઠના ફોટોગ્રાફસ પંચોલી નવયુગમાં ફ્રીમાં છાપવામાં આવે છે તો આ કાર્ય સ્વયંગ્રુપ કે મહિલા મંડળ ઉપાડી લે તો આપણે સમાજને માહિતી પહોંચાડી શકીએ... આશા રાખુ છું કે સ્વયં ગ્રુપ અને મહિલા મંડળ મને સહકાર આપશે જ...

૩૧ જાન્યુવારી દુઃખભરી રહી.... નવસારી પંચના માજી પ્રમુદ અને ટ્રસ્ટી એવા દિપકભાઇનું દુઃખદ અવસાન થયું.. અને નવસારીના ટ્રસ્ટી શ્રી જયંતિભાઇ ચંદુલાલ મિસ્ત્રીનું અવસાન થયું... નવસારી એકમે એકી સાથે બે કાર્યકરો ગુમાવ્યા.... પ્રભુ બન્નેના આત્માને શાંતિ અર્પે તથા એમના સ્વજનોને આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના...

સ્વ. જયંતિભાઇને બ્રેઇનડેડ જાહેર કરતા એમના સ્વજનોએ એમના અંગદાનો કરી એક સ્તુત્ય અને અનુકરણિય કાર્ય કર્યુ છે..... આવા દુઃખદ સમયે આવા નિર્ણયો લેવા એ પણ કાબિલેદાદ છે.... અસ્તુ

# પ્રમુખ નોંધ

હેમંતકુમાર સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પ.સૌ.સ.મહામંડળ
મો. ૯૨૨૪૨ ૧૧૦૨૨ hemmistry@gmail.com



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ તથા બાળકો..

સૌ કુશળ હશો.

આકાંક્ષા-૩ની મધુર યાદો સાથે આપણે વર્ષ ૨૦૧૯ને વિદાય આપી, ૨૦૨૦માં પગરણ માંડયા, નવી આશાઓ ને નવી અપેક્ષા ઓ સાથે...

ઉત્તરાયણ એટલે સૂર્યનો ઉત્તરાયણમાં પ્રવેશ અને તેની સાથે જ શુભકાર્યોની શરૂઆત થઇ જાય છે.... સૌએ આ પ્રસંગે પોતપોતાની રીતે ઉજવણી કરી હશે.. કરતા રહેશો.. જિંદગી જીવી લેવાની દરેક પળ માણી લેવા જેવી છે...ભૂતકાળને યાદ કરીને કે ભવિષ્યની ચિંતામાં આજની પળ ગુમાવશો નહીં. સૌને સુખી જીવનની શુભેચ્છાઓ..

મહામંડળનું બંધારણ તૈયાર થઇ ગયુ છે, જે ટુંક સમયમાં આપને મળશે. સુરત સામાન્ય સભામાં સર્વાનુમતે તમામ એકમો પાસે રેકોર્ડ કરવા માટે સભ્યોનું લીસ્ટ અને સભ્ય દીઠ રૂા. ૨૦.૦૦/- નક્કી કરવામાં આવ્યા હતા જે મુજબ થોડા એકમો તરફથી ફી અને લીસ્ટ મળેલ છે. આભાર આપનો... બાકી રહેલા દરેક એકમોને પોતાના એકમના સભ્યોનું લીસ્ટ અને રૂા. ૨૦.૦૦/- ફી મહામંત્રીને મળે તેમ મોકલવા અપીલ છે.. ખૂબ જ સામાન્ય રકમ છે, પરંતુ તેના દ્વારા આપણને આપણા સમાજના સભ્યોનો રેકોર્ડ બનાવવામાં મદદ મળશે, તો આ બાબતને ગંભીરતાથી લઇ શકય એટલા જલ્દી કાર્યને પૂર્ણ કરશો...

દરેક એકમના સ્વયં અને મહિલા મંડળને શ્રી પંચોલી સમાજ સુરક્ષા યોજના માટે જે સભ્યો બાકી હોય તેઓના નામ નોંધવા યોગ્ય કરવા અપીલ છે. જેટલા સભ્ય વધુ હશે તેટલી આપણે મદદ વધુ કરી શકીશું.. અને સભ્ય દીઠ આપવાનો ફાળો એક ફિલ્મના ખર્ચ જેટલો જ આવે છે.. પણ તેની સામે હાલમાં મળતુ વળતર ૧૦૦ ઘણું વધારે છે.. બીલકુલ ફાયદાનો સોદો છે.. અને આકસ્મિક સંજોગોમાં કુંટુંબને મદદ મળે તે વધારામાં છે. હાલમાં સમાજ સુરક્ષા યોજનાના અધ્યક્ષ શ્રી નવિનભાઇ સી. પંચોલી અને મંત્રી શ્રી રાજેશભાઇ ગાંધી ખૂબ જ મહેનત કરી રહ્યા છે. જે એકમોમાંથી સભ્યો ખૂબ ઓછા નોંધાયા છે તેઓને પણ યોગ્ય કરવા વિંતી છે..

નવસારી પંચના માજી પ્રમુખ અને ટ્રસ્ટી એવા દિપકભાઇનું તથા નવસારીના બીજા ટ્રસ્ટી શ્રી જયંતિભાઇ ચંદુલાલ મિસ્ત્રીનું અવસાન થયું... નવસારી એકમે એકી સાથે બે કાર્યકરો ગુમાવ્યા.... પ્રભુ બન્નેના આત્માને શાંતિ અર્પે તથા એમના સ્વજનોને આઘાત સહન કરવાની શકિત અર્પે એજ પ્રાર્થના...

સ્વ. સી.ટી.સ્મારક નિધિ અને મહામંડળમાં આવેલ દાતાના નામે દર વર્ષે સમાજમાંથી એક વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને પુરસ્કાર આપવામાં આવે છે સમાજના મીનીમમ માસ્ટર ડિગ્રી સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને પોતાની માર્કસીટ 'શ્રેષ્ઠ વિદ્યાર્થી માટે' ની નોંધ સાથે સ્વ. સી.ટી.સ્મારક નિધિના હોદ્દેદાર અથવા મહામંત્રીને મોકલવા વિનંતી છે....

**સ્વભાવ તો શૂન્ય જેવો રાખવો, ભલે તેની કોઇ કિંમતના હોય પણ જેની બાજુમાં એ હોય તેની કિંમત વધી જાય....**

**દિલ દરિયા જેવું રાખજો....**
**નદીઓ સામેથી મળવા આવશે....**

# શ્રધ્ધાંજલી





**સ્વ. શ્રી દિપકભાઇ નટવરલાલ મિસ્ત્રી**
( ટ્રસ્ટીશ્રી અને માજી પ્રમુખ )

**સ્વ. શ્રી જયંતિભાઇ ચંદુભાઇ મિસ્ત્રી**
( ટ્રસ્ટીશ્રી )

સ્વર્ગવાસ તા. ૩૧-૧-૨૦૨૦, શુક્રવાર

શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચના માજી પ્રમુખ અને ટ્રસ્ટીશ્રી એવા **સ્વ. શ્રી દિપકભાઇ નટવરલાલ મિસ્ત્રી** અને શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચના ટ્રસ્ટીશ્રી **સ્વ. શ્રી જયંતિભાઇ ચંદુભાઇ મિસ્ત્રી** એમની સમાજ પ્રત્યેની કાર્યપધ્ધતિ, ઉદાર સેવા અને હર હંમેશ પોઝિટીવ વિચારશરણી અને સમાજના યુવાનોને આગળ આવી સમાજ માટે પોતાનું યોગદાન આપવાની એમની પ્રેરણાએ આજે નવસારી સમાજને આ સ્થાને પહોચાડવનો એમનો ખુબ જ મોટો ફાળો છે, શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચના આ વટવૃક્ષ સમાન વ્યકિતત્વને સમાજ હર હંમેશ યાદ રાખશે.

**સ્વ. શ્રી જયંતિભાઇ ચંદુભાઇ મિસ્ત્રી** ને ડોકટરે બ્રેન ડેડ જાહેર કરતા તેમના પરિવારે શ્રી જયંતિભાઇના અવયવદાન કરવા માટે મંજૂરી આપી પ્રેરણા રૂપી કાર્ય કરી સમાજમાં એક ઉત્તમ ઉદાહરણ રૂપ બન્યા છે.

પ્રભુ એમના આત્મા ને શાંતિ આપે અને એમના પરિવાર પર અને સમાજ પર આવી પડેલ આવા સમયને સહન કરવાની પ્રભુ શકિત આપે એવી શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો, સભ્યો અને કારોબારી સભ્યો શ્રધ્ધા સુમન અર્પણ કરે છે.

-: શ્રધ્ધાજંલી અર્પણકર્તા :-

## શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ, નવસારી.

**જતિન વિક્રમભાઈ મહેતા**
પ્રમુખશ્રી

**દિપેશ ગિરીશભાઈ પંચોલી**
મંત્રીશ્રી

**ઉર્વી નિકુંજભાઈ મિસ્ત્રી**
સહમંત્રીશ્રી

**સમીર જયંતિભાઈ પંચોલી**
ખજાનચીશ્રી

તથા કારોબારી સભ્યો...

# શ્રધ્ધાંજલી

સમય પહેલા સૂર્ય અસ્ત થઈ ગયો...
આપની અણધારી વિદાય અમારા સૌના હૃદયને ધ્રુજાવી ગઈ
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના..

**આપના સ્મરણાર્થીઓ...** ગં.સ્વ. શારદાબેન જમનાદાસ પંચોલી
ગં.સ્વ. આશાબેન નરેશભાઈ પંચોલી
ગં.સ્વ. લતાબેન પ્રફુલભાઈ પંચોલી
ગં.સ્વ. સુષ્માબેન દિપકભાઈ પંચોલી
ગં.સ્વ. છાયાબેન મહેશભાઈ પંચોલી

ધર્મિષ્ઠાબેન મહેન્દ્રભાઈ પંચોલી — મહેન્દ્રભાઈ જમનાદાસ પંચોલી
સ્નેહા તેજસ પંચોલી — તેજસ નરેશભાઈ પંચોલી
શ્વેતા રીકીનકુમાર પંચોલી — રીકીનકુમાર જયંતિભાઈ પંચોલી
ભૂમિકા વિપુલ પંચોલી — વિપુલ પ્રફુલભાઈ પંચોલી
હેમાલી મયુર પંચોલી — મયુર મહેશભાઈ પંચોલી
નિલમ અંકિત પંચોલી — અંકિત મહેશભાઈ પંચોલી

ચિ. પાર્થ - વિરાજ - પ્રિત - કાવ્યા - ક્રિશિવ

307, M.M.Complex, Sabridham Society,
Kanpura, Vyara. Tapi - 394 650
Mo. : 99988 86858



**સ્વ. નરેશભાઈ જમનાદાસ પંચોલી**
**જન્મ : 03.01.૧૯૬૨**
**સ્વ. ૦૮.૧૦.૨૦૧૯**



**ચિ. હેમિલ - અ.સૌ. રચના**
તા. ૧૫.૨.૨૦૧૮ના રોજ ૨૦મી મેરેજ એનીવર્સરી
નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ....

## ૨૦મી મેરેજ એનીવર્સરીએ
## હાર્દિક શુભેચ્છાઓ

**શુભેચ્છક**
સ્વ. મણીબા
સ્વ. બાબુભાઈ એચ. પંચોલી
જયોત્સનાબેન બી. પંચોલી
બી-૩૦૩, સેફરોન એવન્યુ,
હનુમાનજી મંદિર સામે,
સાંઈપૂજા રેસ્ટોરન્ટ પાસે, હાંસોટરોડ, અંકલેશ્વર
મો. : ૯૩૭૪૦ ૬૪૦૭૭, ૯૩૭૫૬૩૩૧૧૧

સ્વ. અંબુદાદા - સ્વ. ગુલાબ બા
મહેશભાઈ એ. મિસ્ત્રી — હંસાબેન એમ. મિસ્ત્રી
ચિ. તુષાર એમ. મિસ્ત્રી
ચિ. જૈવિક
K-703,"Durvas" Opp. D'Mart,
Yeshwant Viva Township, Vasai,
Nalasopara, Link Road, Vasai(East) 401 209
Mo. +919321105674

### પ્રથમ પૂણ્યતિથિએ

# હૃદયાંજલી



## સ્વ. બાબુભાઈ હરગોવિંદદાસ પંચોલી

**જન્મ તા. ૦૧.૦૪.૧૯૫૦ સ્વર્ગવાસ તા. ૦૯.૦૨.૨૦૧૯**

સરી ગયો સમય આપની સ્મૃતિ સંભાળતા, વિતી ગયુ વર્ષ આપની યાદો વાગોળતા,
જીવન એવુ જીવી ગયા, પસરાવી સુવાસ સત્કાર્યો તણી
પાર કરી ગયા ભવસાગર, પામ્યા પ્રીતિ પ્રભુ તણી
થયા છો દેહથી વિમુખ, હૃદયથી તો રહેશો સદા સન્મુખ
સ્મૃતિ આપની સદૈવ અમ હૃદયમાં, આપ અમારા જીવન દર્શક,
ચાલીશું સદા આપ ચિંધ્યા પંથે, આપ જ અમારા પથદર્શક..
માં ભૂવનેશ્વરી આપના દિવ્ય આત્માને ચિરઃશાંતિ અર્પે
એજ આપની પ્રથમ પૂણ્યતિથિએ હૃદયના અંતઃકરણની લાગણી સાથે
અમારા સૌની અશ્રુભરી શ્રધ્ધાંજલી...

## અર્પણકર્તા

ગં.સ્વ. જ્યોત્સનાબેન બાબુભાઈ પંચોલી
હેમીલકુમાર મહેશભાઈ મિસ્ત્રી રચના હેમીલકુમાર મિસ્ત્રી
જૈવિક હેમીલકુમાર મિસ્ત્રી
વસઈ
તથા મણીબેન હરગોવિંદદાસ સમસ્ત પરિવાર

બી-૩૦૩, સેફરોન એવન્યુ, હનુમાનજી મંદિર સામે, સાંઈપૂજા રેસ્ટોરન્ટ પાસે, હાંસોટરોડ, અંકલેશ્વર
મો. : ૯૩૭૪૦ ૬૪૦૭૭, ૯૩૭૫૬૩૩૧૧૧

## શ્રધ્ધાંજલી



**સ્વ. કુ. તૃપ્તી સુરેશભાઇ પંચોલી**
**જ.તા. ૦૧.૦૩.૧૯૮૯ સ્વ.તા. ૧૩.૦૧.૨૦૨૦**

સુરેશભાઇ ડાહ્યાભાઇ પંચોલી-98244 32278
વર્ષાબેન સુરેશભાઇ પંચોલી
પિંકલ સુરેશભાઇ પંચોલી-92279 50706
પ્રિયંકા પિંકલભાઇ પંચોલી
અંકુર સુરેશભાઇ પંચોલી-93776 40110
રિધ્ધિ અંકુરભાઇ પંચોલી
ચિ. ક્રિશા - ચિ. હેત

૬૫, રાધેનગર સોસાયટી, ઇચ્છાનાથ મહાદેવ રોડ,
સરગમ શોપીંગ સેન્ટર સામે, સુરત

PanchShaadi.com



Name : Pritesh-96017 12949
Father : Pravinbhai
Mother : Meenaben-96872 11624
D.O.B. : 22/07/1996
Edu. : M.Com. Accounting and Taxation (Post Graduate)
Job : Nirali Construction(Accountatnt)
Add. : B-65, Yogeshwar Nagar Soc. Dasheath, Vadodara-391 740

## હેપી બર્થડે...



રુહી મિહિરભાઈ મિસ્ત્રી
વ્યારા- તા. ૨૭.૦૨.૨૦૧૬



પહલ પ્રિયાંકકુમાર પંચોલી
કવાંટ-તા. ૧૯.૦૧.૨૦૧૭



મીસરી અંકુરકુમાર મિસ્ત્રી
મુંબઈ-તા. ૨૨-૦૨-૨૦૧૬

## દેવના દિકરા



અંકલેશ્વર નિવાસી ચિંતનકુમાર શૈલેષભાઈ પંચોલીને ત્યાં પુત્રરત્ન 'ચિ. જય'નો જન્મ તા. ૨૫.૧.૨૦૨૦ના રોજ થયો.
માતા : નિકિતાબેન

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
## સ્વ. અ.સૌ. ભગવતીબેન અને સ્વ. શ્રી મણીલાલ ભુલાભાઈ પંચોલી ના સ્મરણાર્થે સમાજના શ્રેષ્ઠ વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીને પ્રોત્સાહક ઈનામ વ્યાજ વપરાશ ફંડ



**સ્વ. શ્રી મણીલાલ ભૂલાભાઈ પંચોલી**
જ.તા. ૧.૧.૧૯૨૭ સ્વર્ગવાસ : ૯.૬.૨૦૧૨

**સ્વ.અ.સૌ. ભગવતીબેન મણીલાલ પંચોલી**
જ.તા. ૧.૧.૧૯૩૪ સ્વર્ગવાસ ૨૯.૧૧.૧૧

સમાજના વિદ્યાર્થીઓ વધુને વધુ પ્રગતિ કરે અને સમાજનું નામ રોશન કરે એવા હેતુથી સમાજના શ્રેષ્ઠ એક વિદ્યાર્થી અને એક વિદ્યાર્થીનીને દર વર્ષે પ્રોત્સાહક રોકડ ઇનામ આપવા માટે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળને રૂા. ૧,૧૧,૧૧૧/- (એક લાખ અગીયાર હજાર એકસો અગીયાર)નું દાન ભંડોળ વ્યાજ વપરાશ ફંડ તરીકે મુંબઇના શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી પરિવાર તરફથી મળ્યું છે.

વર્ષ ૨૦૧૭ની મહામંડળની સામાન્ય સભામાં નક્કી થયા મુજબ પંચોલી નવયુગમાં આવેલ માહિતી માંથી જ મહામંડળના પ્રમુખશ્રી, મહામંત્રીશ્રી, સી.ટી.સ્મારક નિધિના પ્રમુખશ્રી-મંત્રીશ્રી તથા દાતાના પ્રતિનિધિની બનેલ ૫ જણાની સમિતિ પોષ્ટ ગ્રેજ્યુએટને ઇનામ આપવા અંગે નિર્ણય લેશે, જે આખરી નિર્ણય ગણાશે..

વર્ષ ૦૧/૦૪/૨૦૧૮ થી ૩૧/૦૩/૨૦૧૯ માટે સમિતિ **શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે : હર્ષ રાજેશભાઈ પંચોલી-સુરત** M.Tech.,IIT- Bombay-Communication & Signal Processing ) અને **શ્રેષ્ઠ વિદ્યાર્થીની તરીકે : દિશા દેવાંગ પંચોલી-વડોદરા**-Master of Human Resources Management ને વિજેતા જાહેર કરે છે.

ઉપરોકત વિદ્યાર્થીઓને પ્રોત્સાહક રોકડ ઇનામ રૂા. ૩,૦૦૦/- વિદ્યાર્થી દીઠ હાથોહાથ આગામી ૨૦૨૦ની સામાન્ય સભામાં આપવામાં આવશે.. વ્યાજમાંથી નવયુગને પણ દર વર્ષે રૂા. ૧૫૦૦/- જાહેરાત પેટે મળશે...

### શુભેચ્છક

શ્રી કિરણ મણીલાલ પંચોલી અ.સૌ. પ્રીતિ કિરણ પંચોલી
શ્રી કૌશલરાજ કિરણ પંચોલી અ.સૌ. રીમા કૌશલરાજ પંચોલી
ચિ. ધ્યાના - ચિ. ક્રિશિવ કૌશલરાજ પંચોલી
શ્રી અક્ષર જયેશભાઇ ગાંધી અ.સૌ. હેતલ અક્ષર ગાંધી
ચિ. હિયાંશ અક્ષર ગાંધી
૨૦૨, ૨જે માળે, વિંગ-એ, ગણેશકૃપા બિલ્ડીંગ, બ્રહ્માકુમારી સેન્ટર સામે, પ્લૉટ ૯-ડી, દત્તાત્રેય રોડ, સાંતાક્રુઝ(પશ્ચિમ), મુંબઇ - ૪૦૦ ૦૫૪ AS. ફોન : (૦૨૨) ૨૬૬૧ ૪૦૩૨ Mo. 7977729278

**શ્રી હેમંતભાઈ સી. મિસ્ત્રી**
**પ્રમુખ**
**શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી**
**માનદ્ મહામંત્રી**

**શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ**

**શ્રી ધવલકુમાર જે. પંચોલી**
**અધ્યક્ષ-સી.ટી.સ્મારક નિધિ**
**શ્રી દક્ષયભાઈ પી. ગજ્જર**
**મંત્રી-સી.ટી.સ્મારક નિધિ**

# શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

સ્થાપના વર્ષ-૧૯૬૨(રજી. નં. એ/૧૮૨૨/ભરૂચ)

સંચાલિત

તમસો માં જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

# વિધવા/નિરાધાર/આર્થિક/વિકલાંગ સહાય અરજી પત્ર

❖ અરજદારનું નામ :..............................................................................................................

અરજદારની ઉંમર : ....................વર્ષ. અરજદાર હાલમાં શું કાર્ય / વ્યવસાય કરે છે :......................................

❖ પત્ર વ્યવહાર માટેનું સરનામું : ...................................................................................................

........................................................................ પીનકોડ નં. : ...............................................

❖ ફોન નં. ........................................................... મોબાઇલ નં. : ...............................................

❖ અરજદારના કુટુંબના સભ્યની વિગતો :

| ક્રમ | નામ | ઉંમર | અરજદાર સાથેનું સગપણ | માસિક આવક |
|---|---|---|---|---|
| ૧ | .......................................... | .......... | ...................... | ...................... |
| ૨ | .......................................... | .......... | ...................... | ...................... |
| ૩ | .......................................... | .......... | ...................... | ...................... |
| ૪ | .......................................... | .......... | ...................... | ...................... |

❖ અરજદારના બેંકના ખાતાની વિગત :.......................................................................................

**અરજી સાથે અરજદારના બેંક ખાતાના નામ સાથેના ચેકની ઝેરોક્ષ બીડવી, પાસ બુકના પ્રથમ પાનાની તથા છેલ્લી એન્ટ્રીવાળા ઝેરોક્ષ બીડવી ફરજીયાત છે.**

❖ અરજદાર પોતાની ઘરમાં રહે છે ? હા/ના, ભાડાના ઘરમાં રહેતા હોય તો માસિક ભાડાની વિગત : રૂા.:......................

❖ અરજદાર એકલા રહે છે કે અન્ય કોઇ સાથે, વિગત સહિત જણાવવું : .....................................................

❖ અરજદારને સરકારશ્રી /અન્ય તરફથી મળતી સહાય રૂા. .......................... ફરજીયાત

❖ અરજદારને સ્થાનિક એકમ તરફથી મળતી વાર્ષિક સહાય રૂા. .......................... ફરજીયાત

❖ અરજદારને યુ.ડે. તરફથી મળતી વાર્ષિક સહાય : રૂા. .......................... ફરજીયાત

❖ અરજદારતરફથી અન્ય રજુઆત હોય તો : ..........................................................................

..............................................................................................................................

❖ તમારી પસંદગી પર ટીક કરો.. સાડી/પેન્ટ પીસ ☐ સાડી પેન્ટપીસ માટે રોકડ સહાય ☐

**અરજી મોકલવાનું સરનામું**

મહામંત્રીશ્રી

**શ્રી નિશીકાંત બી. મિસ્ત્રી**

૩૩, દેવદીપ સોસાયટી, સરગમ શોપીંગ સેન્ટર સામે, પાર્લે પોઇંટ, સુરત-૩૯૫ ૦૦૭

મો. ૯૮૨૫૦ ૮૧૩૫૯

........................................

અરજદારની સહી

**નોંધ :** ❖ સંપૂર્ણ ફોર્મ ભરવું, ફોર્મ અધુરુ હશે તો આપો આપ રદ થવાને પાત્ર રહેશે.

❖ ફોર્મની કોઇપણ વિગત ખોટી માલુમ પડશે તો તેવા અરજદારની અરજી બીજા વર્ષ માટે પણ અસ્વીકાર્ય રહેશે.. ફોર્મના તમામ ખાના/ફિલ્ડ ભરવા ફરજીયાત છે. જેની ખાશ નોંધ લેવી

(પાછળ જુઓ)

# ભલામણ પત્ર

અરજદારને હું અંગત રીતે ઓળખું છે તથા તેઓએ અરજીપત્રકમાં ભરેલી તમામ વિગતો તપાસીને ખાત્રી કરી છે. અને તે તમામ વિગતો સાચી છે. આથી અરજદાર શ્રી........................................................................ ને મદદ કરવા મારી ભલામણ છે.

એકમનું નામ : ..................................ભલામણ કર્તા પ્રમુખ/મંત્રી/ મહામંડળના નવા હોદ્દેદાર/માજી હોદ્દેદાર ભલામણ કરી શકશે.

ભલામણ કર્તાનું નામ : ............................... સહી : .........................

ભલામણ કર્તાનો કોન્ટેકટ નં. : ............................તારીખ ....................

એકમ સંસ્થાનો સ્ટેમ્પ

(૧) સહાય માટેની અરજી ૧લી જુનપહેલા મળે તે રીતે મોકલવી, ત્યારબાદ મળેલી અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.

(૨) સહાય માટેની અરજી દર વર્ષે કરવાની રહેશે.

(૩) ભલામણ કર્તાને તમામ વિગતો, હકીકત ચકાસ્યા બાદ જ ભલામણ કરવા વિનંતી.

(૪) ભલામણ કર્તાએ પણ પોતાનું નામ, હોદ્દો અને ભલામણ કર્યાની તારીખ જરૂર લખવી.

## વ્યાજ વપરાશ ફંડ

| ક્રમ | દાતાઓના નામ | મળેલ દાન |
|---|---|---|
| (૧) | સ્વ. ચંચળબેન(ભીખીબેન ખુશાલભાઇ પંચોલી- ચીખલી | ૬,૮૧,૧૬૨.૬૬ |
| (૨) | માતૃ-પિતૃ પૂજન ફંડ | ૫,૩૫,૦૦૦.૦૦ |
| (૩) | અ.સૌ. વીરમતીબેન જમનાદાસ પંચોલી-મુંબઇ | ૨,૦૧,૦૦૦.૦૦ |
| (૪) | શ્રી ઠાકોરભાઇ મોરારભાઇ પંચોલી-લેસ્ટર | ૧,૨૨,૨૨૨.૦૦ |
| (૫) | માતુશ્રી તાપીબેન ઘેલાભાઇ ટ્રસ્ટ-મુંબઇ | ૧,૧૧,૧૧૧.૦૦ |
| (૬) | સ્વ. છગનલાલ હરગોવનદાસ પંચોલી-લેસ્ટર | ૧,૦૧,૦૦૦.૦૦ |
| (૭) | તબીયત પાર્ટી-લેસ્ટર | ૫૧,૦૦૦.૦૦ |
| (૮) | સ્વ. વિજયાબેન, સ્વ. ઠાકોરભાઇ એન. મિસ્ત્રી અને સ્વ.પુષ્પાબેન પરસોત્તમભાઇ વ્યારા | ૫૧,૦૦૦.૦૦ |
| (૯) | ગં.સ્વ. પુષ્પાબેન ભાષ્કરભાઇ ગાંધી-સેલવાસ | ૫૦,૦૦૦.૦૦ |
| (૧૦) | એક સજ્જન તરફથી | ૧૧,૧૧૧.૦૦ |
| (૧૧) | સ્વ. પાર્વતીબેન ભગવાનજી પંચોલી-મુંબઇ હસ્તે જમનાદાસ ભગવાનજી પંચોલી | ૧૦,૬૧૬.૦૬ |
| (૧૨) | સ્વ. પરમાનંદભાઇ ડી. ગજ્જર-સુરત | ૫,૦૦૦.૦૦ |
| (૧૩) | ગં.સ્વ. લલીતાબેન છગનભાઇ મિસ્ત્રી-સુરત | ૫,૦૦૦.૦૦ |
| (૧૪) | કેશવલાલ એમ. મિસ્ત્રી-ગણદેવી | ૫,૦૦૦.૦૦ |

### શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત
### શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર અને સ્વયં ગ્રુપ-અંકલેશ્વર આયોજિત

## સ્વ. અંજનાબેન જયેશભાઈ મહેતા સ્મૃતિ



# આકાંક્ષા-૩

**અર્પણકર્તા**
**હસ્તે : ભારતી હેમંતકુમાર મિસ્ત્રી-સુરત,**
**મૃદુતા મિસ્ત્રી પંચોલી-સુરત, ડૉ. શ્વેતા મિસ્ત્રી પંચોલી-અમદાવાદ**

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ પ્રેરીત શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર અને સ્વયં ગ્રુપ અંકલેશ્વર આયોજીત આકાંક્ષા-૩ તા. ૨૯.૧૨.૨૦૧૯ને રવિવારના રોજ અંકલેશ્વર સ્થિત મા શારદાભવન એસી. હોલમાં આયોજન કરવામાં આવ્યું હતું. આ પોગ્રામમાં મુંબઇ, બીલીમોરા, નવસારી, સુરત બારડોલી, વડોદરા, અંકલેશ્વર, રાજપીપલા, કવાંટ એકમમાંથી ૪૫૦થી વધુ સંખ્યામાં હાજર રહી કાર્યક્રમને સફળતા અપાવી હતી.

સવારે ૮.૩૦ કલાકે સેવખમણી-ચ્હા-કોફીના અલ્પાહારને ન્યાય આપી સર્વે જ્ઞાતિજનોએ પોતાનું સ્થાન હોલમાં ગ્રહણ કર્યુ હતું.

આકાંક્ષા-૩ નો પોગ્રામ ત્રણ ચરણમાં વહેંચવામાં આવ્યો હતો જેમાં પ્રથમ ચરણમાં દિપ પ્રાકટ્ય, ગણેશવંદના અને મહાનુભાવોના પ્રાસંગિક પ્રવચનો અને વિશિષ્ટ સન્માન રાખવામાં આવ્યા હતાં.

દ્વિતીય ચરણમાં મનોરંજન પોગ્રામ, મીમીક્રી, એક પાત્રીય અભિનય, વક્તૃત્વ સ્પર્ધા વિગેરે.

તૃતીય ચરણમાં ડ્રામા, મીક્ષડાન્સ જર્ની ટુ લાઇટસ જેવા રંગારંગ પોગ્રામો રાખવામાં આવ્યા હતા..

બરાબર ૯.૩૦ કલાકે ઉદ્ઘોષક દિપાલી પરમાર અને કામીની પટેલના સુમધુર કંઠે સર્વેને આવકાર્યા બાદ દરેક જ્ઞાતિજનોએ પોતાના સ્થાન પર ઉભા થઇ રાષ્ટ્રગીતનું ગાન માન સહિત કરવામાં આવ્યું.

પ્રથમ કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે દિપ પ્રાકટ્ય માટે શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરના પ્રમુખ મંત્રી, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ મંત્રી,આકાંક્ષા-૩ના મુખ્ય અર્પણકર્તા, અધ્યક્ષા કમ કન્વીનર અને અતિથિવિશેષશ્રી તથા સ્વયં અંકલેશ્વર પ્રમુખ મંત્રી તથા મહિલા મંડળ અંકલેશ્વરના પ્રખશ્રી ના વરદ હસ્તે દીપ પ્રાકટય કરી આકાંક્ષા-૩ સમારંભને વિધિવત ખુલ્લો મુકવામાં આવ્યો..

પ્રથમ ગણેશ વંદનાની રજુઆત અંકલેશ્વર એકમના બાળકોએ કરી.. સૌના મન મોહી લીધા. જેમાં ભાગ લીધો હતો અક્ષત મિસ્ત્રી, જાનવી મિસ્ત્રી, શુભમ પંચોલી, હેનીલ પંચોલી, ઉત્સવ મિસ્ત્રી, નિષ્ઠા મિસ્ત્રી, જીત નિમેષ મિસ્ત્રી, જીત પ્રજેશ પંચોલી, તસ્મય તથા પ્રયાગ મિસ્ત્રી અને નિધિ પંચોલી

ઉદ્ઘોષક કામીની પટેલે શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરના પ્રમુખ શ્રી ડૉ. વિસ્મય મિસ્ત્રી, મંત્રી અજય પંચોલી, શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ શ્રી હેમંતભાઇ મિસ્ત્રી, મહામંત્રી શ્રી નિશિકાંત મિસ્ત્રી, સ્વયં અધ્યક્ષા શ્રીમતિ મૃદુતા મિસ્ત્રી પંચોલી, સ્વયં અંકલેશ્વર પ્રમુખ કુ. ક્રિના મિસ્ત્રી, મંત્રી ધર્મેશ પંચોલી, સમારંભ અધ્યક્ષા કમ આકાંક્ષા -૩ કન્વીનર શ્રીમતિ અમિષા અજય પંચોલી તથા અતિથિ વિશેષશ્રી ધર્મેશભાઇ પંચોલી, આકાંક્ષા-૩ના મુખ્ય અર્પણકર્તા શ્રીમતિ ભારતીબેન હેમંતભાઇ મિસ્ત્રી તથા આકાંક્ષા-૩ના આયોજનકર્તા અને સલાહકાર ડૉ. મહેશભાઇ મિસ્ત્રી, શ્રી પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરના પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેનને સ્ટેજ પર સ્થાન લેવા વિનંતી કરતા સૌએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યુ.

ડૉ. વિસ્મયભાઇ મિસ્ત્રીએ સ્વાગત પ્રવચનમાં પ્રથમ સૌ આમંત્રિતો, જ્ઞાતિજનોને આવકારી શાબ્દિક સ્વાગત કર્યુ. સમારંભની સફળતા માટે આર્થિક સહાય કરનાર સ્પોન્સરરોનો આભાર વ્યકત કરી અંકલેશ્વર એકમે મહામંડળ ક્ષેત્રે કરેલ કાર્યોની સુચી જણાવી હતી.. જે રીતે ૮ સ્વયં ગ્રુપના સભ્યોએ હાજર રહી પોગ્રામો રજુ કર્યા તેથી યુવાનોમાં આવેલ જાગૃતીની પ્રતિતિ થાય છે... એ પંચોલી સમાજ માટે શુભ નિશાની છે..

ત્યારબાદ ડાયસ પર બિરાજેલ તથા મહામંડળના સંલગ્ન સંસ્થાના હોદ્દેદારો તથા આમંત્રિત મહેમાનોનું અંકલેશ્વર એકમ તથા સ્વયં અંકલેશ્વરના સભ્યો દ્વારા પુષ્પગુચ્છ આપી સ્વાગત કરવામાં આવ્યું.

સ્વયં અંકલેશ્વરના પ્રમુખ ક્રિના મિસ્ત્રીએ આકાંક્ષા-૩ની રૂપરેખા આપી.. સ્વયં ગ્રુપ કઇ રીતે વિવિધ પ્રવૃત્તિઓ કરીશકે તે માહિતી આપી.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ શ્રી હેમંતભાઇ મિસ્ત્રીએ એમના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે અંકલેશ્વર એકમ ભલે નાનુ છે પણ કામ એના મોટા છે. એમના કાર્યોથી સૌને એક પ્રેરણા આપી છે કે કાર્યક્રમ કરવાથી બધાનો સાથ મળી જ રહે છે.. શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ તરફથી રૂા. ૨૫,૦૦૦/- આપવાની જાહેરાત કરી ચેક અર્પણ કર્યો.

આકાંક્ષા-૩ના અધ્યક્ષા અને કન્વીનર શ્રીમતિ અમિષાબેન અજયભાઇ પંચોલીએ એમના વ્યકતવ્યમાં જણાવ્યું કે કોઇપણ ક્ષેત્રમાં આગળ આવવા માટે ઉંમર નહીં પણ હિંમત જોઇએ... આગળ આવવાની શરૂઆત કરશો તો આપો આપ રસ્તા ખુલતા જશે... અધ્યક્ષા સ્થાનેથી એમણે આકાંક્ષા-૩ને રૂા. ૧૧,૧૧૧/-ની ભેટ આપી હતી.

મહામંડળના સ્વયં અધ્યક્ષા શ્રીમતિ મૃદુતા મિસ્ત્રી પંચોલીએ સ્વયં અંકલેશ્વરના કાર્યને બિરદાવી આકાંક્ષા-૩ની સફળતા માટે અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી. અને વર્ષ ૨૦૨૧માં સ્વયં સુરત ઉડાન-૩ની ઉડાન ભરવાની તૈયારી બતાવી.

અતિથિવિશેષશ્રી ધર્મેશભાઇ પંચોલી-વડોદરાએ એમના વ્યકતવ્યમાં યુવાનો પર ભાર મુકી જણાવ્યું કે યુવાનો સંગઠન કરી આગળ આવે અને સમાજની પ્રગતિમાં પોતાનું યોગદાન આપે...

આકાંક્ષા-૩ના મુખ્ય સ્પોન્સર શ્રીમતિ ભારતીબેન મિસ્ત્રી વતી એમની સુપુત્રી શ્રીમતિ મૃદુતા મિસ્ત્રી પંચોલીએ કાર્યક્રમની સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી.

શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વરના કાર્યની સુચી દર્શાવતી સ્મરણિકા અંકલેશ્વર એકમની કલ અને આજ(નાનકડુ સુવેનિયર)નું વિમોચન ડાયસ પર બિરાજેલ મહાનુભાવોના વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું.

વિશિષ્ટ સન્માન :



કુ. હર્ષિતા હિરલ મિસ્ત્રી -મુંબઇ :- રાષ્ટ્રીય કક્ષાએ સ્પેલાથોન ઇન્ડિયા કોમ્પીટીશનમાં મેડલ પ્રાપ્ત કરી સન્માન વધાર્યુ છે. તેમનેઆકાંક્ષા-૩ના અધ્યક્ષા શ્રીમતિ અમિષાબેન મિસ્ત્રીના વરદ હસ્તે સન્માનપત્ર આપી સન્માનિત કર્યા.



ભાગ્ય દેવાંગ ગાંધી -મુંબઇ :- વર્લ્ડ જિનિયસ સર્ચ સ્પર્ધામાં મેડલ પ્રાપ્ત કરનારને આકાંક્ષા-૩ના અતિથિ વિશેષશ્રી ધર્મેશભાઇ પંચોલીએ સન્માનપત્ર આપી સન્માનિત કયા



કુ. કદિશા ગૌરવ મિસ્ત્રી-મુંબઇ :- સ્કેટીંગ ક્ષેત્રે વર્લ્ડમાં સમાજનું અને કુટુંબનું નામ રોશન કર્યુ છે. ગિનિશબુક ઓફ વર્લ્ડ રેકોર્ડ, એશિયાબુક ઓફ વર્લ્ડ રેકોર્ડ તેમજ નેશનલ લેવલે ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યા છે.. એમનું સન્માન શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રુખશ્રી હેમંતભાઇ મિસ્ત્રી અને મહામંત્રી શ્રી નિશિકાંતભાઇ મિસ્ત્રીના વરદ હસ્તે સન્માનપત્ર આપી સન્માનિત કરાયા..

કલાક્ષેત્રે અવંતિકા અટલ સન્માનપત્ર, કલાતપસ્વી



એવૉર્ડ, કલાભૂષણ એવૉર્ડ તેમજ બેસ્ટ આર્ટ ટીચરનો એવૉર્ડ મેળવી કલાક્ષેત્રે ખ્યાતનામ બનેલ શ્રીમતિ સુરેખાબેન પંચોલી-વડોદરાને અંકલેશ્વર એકમના પ્રમુખ ડૉ. વિસ્મયભાઇના વરદ હસ્તે સન્માનપત્ર આપી સન્માનિત કરાયા..

કેન કેન ઇન્ટરનેશનલ ચેમ્પીયન શીપમાં ગોલ્ડ મેડલ



મેળવી ગૌરવ અપાવનાર દર્શિલકુમાર કંદર્પ પંચોલીનુ સન્માન અંકલેશ્વર એકમના મંત્રી શ્રી અજયભાઇ પંચોલીના વરદ હસ્તે સન્માન પત્ર આપી સન્માનિત કરાયા.

સફળતાને આંબવા કોઇ ઉંમર જોવાતી નથી એવા નવસારીના શ્રીમતિ રમીલાબેન બકુલભાઇ મિસ્ત્રીએ



સ્વીમીંગ ક્ષેત્રે સ્ટેટ લેવલે અને નેશનલ લેવલે વિવિધ સ્પર્ધામાં ગોલ્ડમેડલો પ્રાપ્ત કર્યા છે... એમને આકાંક્ષા-૩ના મુખ્ય અર્પણકર્તા શ્રીમતિ ભારતીબેન તથા અંકલેશ્વર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેનના વરદ હસ્તે સન્માનપત્ર આપી સન્માનિત કરાયા.



૧૫ વર્ષથી સતત પંચોલી નવયુગના તંત્રી તરીકેની સેવા આપનાર અને સમાજને કાર્યશીલ રાખનાર, પ્રભુશ્રી રામને સીતામાતા પાસે લઇ જવા શ્રી હનુમાનજીએ રામ સેતુ બનાવ્યો એવા જ હેતુસર શ્રી દિનેશભાઇ મિસ્ત્રીએ દરેક એકમને પંચોલી નવયુગ દ્વારા જોડીને સમાજ સેતુ બાંધવાનું કાર્ય કર્યુ છે...એમની કામગીરીને બિરદાવવા સ્વયં અધ્યક્ષા શ્રીમતિ મૃદુતા મિસ્ત્રી પંચોલી તથા સ્વયં અંકલેશ્વર પ્રમુખ કુ. ક્રિના મિસ્ત્રીના વરદ હસ્તે વિશિષ્ટ સરપ્રાઇઝ સન્માન કરવામાં આવ્યું.

મીસીસ ઇન્ડિયા ગ્લોબ-૨૦૧૮, હૈદરાબાદ ખાતે મિસિસ પોપ્યુલર-૨૦૧૮, દિલ્હી ખાતે મિસિસ ગ્લેમરસ લુક-૨૦૧૮, મુંબઇ ખાતે મિસિસ ઇન્ડિયા યુનીવર્સ -૨૦૧૯, મુંબઇ ખાતે મિસિસ કેરિસમેટીક -૨૦૧૯ના ટાયટલો મેળવનાર અને લીડ એક્ટ્રેસની ભૂમિકા ભજવનાર શ્રીમતિ અમિષાબેન અજયભાઇ પંચોલીનું વિશિષ્ટ સન્માન



શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખ શ્રી હેમંતભાઇ, મહામંડળ ઉપપ્રમુખશ્રી મુકેશભાઇ પંચોલી, અંકલેશ્વર એકમના તેમજ મહામંડળના મુખ્ય સલાહકર્તા હર્તા એવા ડૉ. મહેશભાઇ મિસ્ત્રી, અંકલેશ્વર એકમ પ્રમુખ ડૉ. વિસ્મય મિસ્ત્રી સ્વયં અંકલેશ્વર પ્રમુખ કુ. ક્રિના મિસ્ત્રી, પંચોલી મહિલા મંડળ અંકલેશ્વરના પ્રમુખ શ્રીમતિ સ્નેહાબેન મિસ્ત્રીના વરદ હસ્તે ટ્રોફી અને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા..

પ્રથમ ચરણના અંતમાં આભાર દર્શન મંત્રીશ્રી અજય ચંદુભાઇ પંચોલીએ કરી પ્રથમ ચરણનું સમાપન કર્યુ.

દ્વિતીય ચરણની શરૂઆતમાં બીલીમોરા મહિલા મંડળ અને સ્વયં ગ્રુપ બીલીમોરા દ્વારા વિવિધતામાં એકતાની થીમ પર ભારતિય સંસ્કૃતિની ઝાંખી કરાવતી સુંદર રજુઆત કરી જેમાં ભાગ લઇ રહ્યા હતાં. શોભાબેન મિસ્ત્રી, જયશ્રીબેન મિસ્ત્રી, દક્ષાબેન મિસ્ત્રી, મનિષાબેન મિસ્ત્રી, નિશાબેન પંચોલી, ટવીન્કલ પંચોલી, તોરલ મિસ્ત્રી, ભાવિષા પંચોલી, બિનીતા મિસ્ત્રી, કોમલ મહેતા, વિવેક પંચોલી, આકાશ મહેતા, મિહિર મહેતા, હેત્વી પંચોલી

આજની રંગીન પરોઢ બનાવનાર બારડોલી એકમ દ્વારા રંગીન પરોઢનું સુંદર ગીત ડાન્સ દ્વારા રજુ કર્યુ.. રજુ કરનાર મેઘા મિસ્ત્રી, કિરણ મિસ્ત્રી, પ્રીતિ મિસ્ત્રી, ક્રિષ્ના મિસ્ત્રી, નેહલ મિસ્ત્રી, દિપ્તી મિસ્ત્રી

આજની તાતી સમસ્યા બની રહેલ 'બેટી બચાવો બેટી પઢાવો'ની થીમ પર સ્વયં અંકલેશ્વરના સભ્યોએ સુંદર રજુઆત કરી જેમાં ભાગ લઇ રહ્યા હતા.. અમિષા પંચોલી, દિશા પંચોલી, અમિતા પંચોલી, ભાવના મિસ્ત્રી, ખુશ્બુ મિસ્ત્રી, મોનાલી પંચોલી, હેતલ પંચોલી, સોનલ એમ. પંચોલી, કિંજલ પંચોલી સોનલ


અંકલેશ્વર એકમ પ્રમુખ
ડૉ. વિસ્મય મિસ્ત્રી


મહામંડળ પ્રમુખ
હેમંતભાઇ મિસ્ત્રી


સ્વયં-અંકલે. પ્રમુખ
કુ. ક્રિના મિસ્ત્રી


આકાંક્ષા-૩ અધ્યક્ષા
અમિષા પંચોલી


આકાંક્ષા-અતિથિવિશેષ
ધર્મેશભાઇ પંચોલી

પંચોલી, હિરલ મહેતા, જાગૃતિ પંચોલી, ગાયત્રી પંચોલી.

ટ્રીબ્યુટ ટુ આર્મી આપણા દેશને આઝાદ કરાવવા અને આતંકવાદીઓનો નાશ કરવા સુસજ્જ આપણા જવાનોની શહાદત અને આતંકવાદીઓના નાસની ઝાંખી કરાવતું સુંદર નૃત્ય સ્વયં સુરતના શુરવીર સભ્યોએ રજુ કર્યુ. ભાગ લેનાર કલાકારો... પ્રતિક પંચોલી, સ્વપ્નીલ પંચોલી, બિન્ની પંચોલી, રિધ્ધિ પંચોલી, ચિરાગ પંચોલી, સાગર પંચોલી, જુહી પંચોલી, મયંક પંચોલી, નિખિલ ઝવેરી..

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની તાજેતરમાં ઉજવાયેલ ૭૫ વર્ષની ગાથાને દ્રશ્ય શ્રાવ્ય અને અભિનયના સથવારે ૭૫ વર્ષના સંભારણાને વાગોળ્યા અને સાથે સાથે માણ્યા...સુંદર રજુઆત, ભાગ લેનાર હતા. હર્ષ કાપડિયા, ભાગ્ય ગાંધી, ઈશિકા મિસ્ત્રી, કશ્વી મિસ્ત્રી, મયૂર કાપડિયા, યુકતા મિસ્ત્રી, હર્ષિતા મિસ્ત્રી, ડિમ્પલ મિસ્ત્રી અને ફોરમ ગાંધી..

હાસ્યની છોળો ઉડાડતુ અને સૌને હાસ્યમાં તરબોળ કરતી સુંદર રજુઆત કરી બરોડા સ્વયં ગ્રુપન સભ્યો એ ફની ડાન્સરજુ કર્યો, જેમાં હેમંત પંચોલી, જીગર મપારા, ધર્મેશ પંચોલી, જય પંચોલી, હિમાંશુ પંચોલી, હિતેશ પંચોલી, રાહુલ પંચોલી, યશ પંચોલી, અર્પિત પંચોલી, પ્રણય પંચોલી, શિવમ પંચોલી, હર પંચોલી, આલોક પંચોલી, રુદ્ર પંચોલી..ભાગ લીધો હતો.

અંકલેશ્વર સ્વયં ગ્રપે રજુ કર્યો અવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ હેલ્લારો' નો સુપ્રસિધ્ધ ગરબો..... વાગ્યો રે ઢોલ...ની સુંદર રજુઆત કરી... સૌ ગરબાને તાલે ઝૂમી ઉઠ્યા...ભાગ લેનાર હતા અમિષા પંચોલી, દિશા પંચોલી, અમિતા પંચોલી, ભાવના મિસ્ત્રી, ખુશ્બુ મિસ્ત્રી, જાગૃતિ પંચોલી, સોનલ પંચોલી, કિંજલ પંચોલી, માનસી પંચોલી, હિરલ મહેતા, ગાયત્રી પંચોલી અને હેતલ પંચોલી....

બીજા ચરણના અંતમાં પંચોલી મહિલા મંડળ માટે રાખવામાં આવેલ સ્પર્ધાઓમાં વકૃત્વ સ્પર્ધા અને મોનો એકટીંગ જેના નિર્ણાયક તરીકેની સેવા મુંબઇના યુગાંતર-નારીરત્ન હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રીએ સેવા આપી હતી... પ્રથમ વકૃત્વ સ્પર્ધા રાખવામાં આવી હતી જેના વિજેતા રાજપીપલા ભગીની સમાજના જયશ્રીબેન દિપનભાઇ પંચોલી - પ્રથમ, બીલીમોરા મહિલા મંડળના શ્રીમતિ શોભાબેન મિસ્ત્રી-દ્વિતીય વિજેતા થયા હતાં....

મોનો એકટીંગમાં પ્રથમ-શોભાબેન મિસ્ત્રી-બીલીમોરા જેમાં પંચાલીની એકટીંગ કરી હતી, દ્વિતીય અમિષાબેન પંચોલી-અંકલેશ્વર જેમાં શેઠ અને રસોઇયાની એકટીંગ કરી હતી...

હવે સમય થયો હતો જમવાનો... બધાને કકડીને ભુખ લાગી હતી.... એક કલાકનો વિરામ આપવામાં આવ્યો જેમાં સૌએ સુંદર સુરતી સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો...

મા શારદા ભવનના પ્રાંગણમાં શ્રવણ સ્કૂલના આર્ટીસ્ટ શ્રી દિપેશભાઇ દ્વારા વિવિધ કટઆઉટ અને સેલ્ફી પોઇંટ બનાવવામાં આવ્યા હતાં. લગભગ હાજર રહેલ સૌ સભ્યોના સેલ્ફી ફોટોગ્રાફસ આપ ફેસબુક અને વોટસએપ તથા સ્ટેટસમાં નિહાળી શકયા હશો..

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી ચંદ્રવદન હરગોવનદાસ મિસ્ત્રી મુંબઇ | શ્રી ધનસુખભાઇ ભગવાનદાસ પંચોલી સુરત

અમિષાબેને વિવિધ સરપ્રાઇઝ ગેમ રમાડી વિજેતાઓને ઇનામોથી નવાજ્યા હતાં. સરપ્રાઇઝ ગેમમાં સૌએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

શરૂ થયુ ત્રીજુ અને અંતિમ ચરણ....પ્રથમ આજની વિકટ સમસ્યા 'બેટી' બેટી બચાવોની થીમ પર નવસારી સ્વયં ગ્રુપની સુંદર રજુઆત. ભાગ લઇ રહ્યા હતા અવની ભરતવાલા, શિતલ મિસ્ત્રી, ભાવિ મિસ્ત્રી, અપેક્ષા મહેતા...

સંબધોના તાણાવાણાને રજુ કરતુ ગીત યે રીશ્તા કયા કેહલાતા હૈ....નૃત્ય તેજસ્વીની મહિલા મંડળ-વડોદરાના શ્રીમતિ આનંદીબેને સુંદર રજુઆત કરી...

સુરત સ્વયં ગ્રુપના સભ્યોએ સુંદર હાસ્ય નાટક રજુ કરી એમની કોમેડી દ્વારા સૌને પેટ પકડીને હસાવી હસાવીને હાસ્યમાં તરબોળ કરી દીધા...હાસ્ય કલાકાર હતા.. મૃદુતા મિસ્ત્રી પંચોલી, સ્વપ્નીલ પંચોલી, પ્રતિક પંચોલી, ચિરાગ પંચોલી, રિમા મિસ્ત્રી, અને ધ્યાની પંચોલી

દિવડાઓની ઝગમગતી સુંદર કોરીયોગ્રાફી સાથે રજુ કર્યુ અંકલેશ્વર એકમ અને સ્વયંના સભ્યોએ જર્ની ટુ લાઇટ...સુંદર મનમોહક રજુઆત... કરનાર હતા અજય પંચોલી, શુભમ પંચોલી, અખીલ મહેતા, હર્ષલ પંચોલી, હેનિલ પંચોલી, ઉત્સવ મિસ્ત્રી, જીત મિસ્ત્રી અને નિમેશ મિસ્ત્રી..

બારડોલી એકમ દ્વારા મીક્ષ ડાન્સની સુંદર રજુઆત જેમાં મેધા મિસ્ત્રી અને દિયા મિસ્ત્રીએ ભાગ લીધો હતો.

આપણું ગુજરાત કહેતા ગૌરવની લાગણી ઉભરાય એવું જય જય ગરવી ગુજરાતનું સુંદર નૃત્ય નવસારીના દિશા મિસ્ત્રી અને ઉર્વી મિસ્ત્રીએ રજુ કર્યુ...

તેજસ્વીની મહિલા મંડળ વડોદરાના સભ્યોએ ક્રિષ્ના... ઘેલી ગોપીઓની વ્યથા દર્શાવતુ સુંદર નૃત્ય રજુ કર્યુ જેમાં સુરેખાબેન પંચોલી, શીલાબેન પંચોલી, હર્ષાબેન પંચોલી અને નીતાબેન પંચોલી હતા.

ફેશન શો મીસ્ટર પંચોલીમાં જીત મિસ્ત્રી-અંકલેશ્વર, મિતેશ પંચોલી-અંકલેશ્વર, હર્ષલ પંચોલી-અંકલેશ્વર, જય મિસ્ત્રી-અંકલેશ્વર, અર્પણ પંચોલી-અંકલેશ્વર, શુભમ પંચોલી-અંકલેશ્વર, મયુર કાપડિયા-મુંબઇ, તૃષાર્ત મિસ્ત્રી-નવસારી, પ્રતિક પંચોલી-મુંબઇ, સિધ્ધાર્થ પંચોલી-મુંબઇ, વિવેક પંચોલી-બીલીમોરા જેમાં પ્રથમ - મયુર કાપડિયા-મુંબઇ

દ્વિતીય - મિતેશ પંચોલી-અંકલેશ્વર

મીસ પંચોલી : ક્રિના મિસ્ત્રી-અંકલેશ્વર, કશ્વી મિસ્ત્રી-મુંબઇ, યુકતા મિસ્ત્રી-મુંબઇ, ભાગ્યશ્રી મિસ્ત્રી-મુંબઇ, હર્ષિતા મિસ્ત્રી-મુંબઇ, નેહા મિસ્ત્રી-અંકલેશ્વર, દિશા પંચોલી-અંકલેશ્વરપ કરીશ્મા મિસ્ત્રીએ ભાગ લીધો હતો એમાં

પ્રથમ-દિશા અજય પંચોલી-અંકલેશ્વર

દ્વિતીય-માનસી નિલેશ પંચોલી

મીસ્ટર એન્ડ મીસીસ પંચોલીમા

શ્રીમતિ ફોરમ - શ્રી દેવાંગ ગાંધી-મીરારોડ

શ્રીમતિ લીના-શ્રી રાહુલ મિસ્ત્રી-મીરારોડ

શ્રીમતિ ભાવિકા - યોગેશ મિસ્ત્રી-અજરાઇ

શ્રીમતિ ખુશ્બુ-શ્રી વિસ્મય મિસ્ત્રી-અંકલેશ્વર

શ્રીમતિ હિરલ - શ્રી અખિલ મહેતા-અંકલેશ્વર

શ્રીમતિ મોનાલી-શ્રી પ્રજેશ પંચોલી-અંકલેશ્વર

શ્રીમતિ અમિષા - શ્રી અજય પંચોલી-અંકલેશ્વર

શ્રીમતિ બિન્ની-શ્રી સ્વપ્નીલ પંચોલી-સુરત જેમાં

પ્રથમ - બિન્ની - સ્વપ્નીલ પંચોલી-સુરત

દ્વિતીય - અમિષા - અજય પંચોલી-અંકલેશ્વર

ઇનામ વિતરણ નો કાર્યક્રમ કરવામાં આવ્યો જેમાં વિજેતાઓને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

સ્વયં ગ્રુપે સુંદર મનોરંજન પોગ્રામો રજુ કયા તે ગ્રુપને પંચોલી સેવા સમાજ અંકલેશ્વર તરફથી રૂા. ૨૧૦૦/-ની પ્રોત્સાહિત સહાય મુંબઇ, સુરત, નવસારી, બીલીમોરા, બારડોલી, વડોદરા અને અંકલેશ્વર સ્વયં ગ્રુપને આપવામાં આવી હતી.

અંતમાં આરંભ અને આરંભમાં અંત<br>
પાનખરના હૈયામાં ટહૂકે વસંત

હેપી એન્ડીંગમાં અંકલેશ્વર એકમ, સ્વયં અંકલેશ્વર


સ્વ. પરસોત્તમદાસ ભીખાભાઇ પંચોલી સુરત શ્રી પદ્માકાંત ગણપતભાઇ પંચોલી સુરત

અને પંચોલી મહિલા મંડળતથા અંકલેશ્વર એકમના તમામ અબાલવૃધ્ધ સૌએ સ્ટેજ પર આવી હેપી ડાન્સ રજુ કરી આકાંક્ષા-૩નેં વસમો વિરામ આપ્યો....

આકાંક્ષા - ૩ ના સ્પોન્સરો હતા.....

રૂા. ૩૧,૦૦૦/- સ્વ. અંજનાબેન જયેશભાઇ મહેતાની સ્મૃતિમાં આકાંક્ષા-૩ના મુખ્ય અર્પણકર્તા હસ્તેઃ ભારતીબેન હેમંતભાઇ મિસ્ત્રી-સુરત , મૃદુતા મિસ્ત્રી પંચોલી-સુરત ડો. શ્વેતા મિસ્ત્રી પંચોલી-અમદાવાદ

રૂા. ૧૭,૫૦૦/- શ્રેણીક-ખુશ્બુના લગ્ન પ્રસંગે સ્વ. અંજનાબેન, શ્રીમતિ હેમાબેન અને જયેશભાઇ એસ. મહેતા તથા ડો. ઓજસ્વી. મુંબઇ - વેન્યુ સ્પોન્સર

રૂા. ૧૧,૦૦૦/- સ્વ. વૃશાલી નિલેશભાઇ મહેતાના સ્મરણાર્થે હસ્તે : શ્રીમતિ હિરલ અને શ્રી અખિલ નિલેશભાઇ મહેતા-અંકલેશ્વર - ભોજન સ્પોન્સર

રૂા. ૧૦,૦૦૦/- શ્રી નિલેશભાઇ રજનીકાંત પંચોલી -મુંબઇ -ભોજન સ્પોન્સર

રૂા. ૧૧,૦૦૦/- શ્રીમતિ સ્નેહાબેન તથા પારસભાઇ મનુભાઇ મિસ્ત્રી-અંકલેશ્વર - સેલ્ફી પોઇંટ સ્પોન્સર

રૂા. ૨૫,૦૦૦ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

રૂા. ૫,૦૦૦/- શ્રીમતિ હેલી અને શ્રી કુણાલ કિશોરભાઇ મિસ્ત્રી-દુબઇ-ચા-નાસ્તા સ્પોન્સર

રૂા. ૧૦,૦૦૦/- ડો. મહેશભાઇ મોહનલાલ મિસ્ત્રી- અને ડો. વિસ્મય મહેશભાઇ મિસ્ત્રી -અંકલેશ્વર ઇનામ સ્પોન્સર

રૂા. ૫,૦૦૦/- શ્રીમતિ ઇંદિરાબેન અને રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી-સુરત-ચા-નાસ્તા સ્પોન્સર

રૂા. ૫,૦૦૦/- શ્રીમતિ વિણાબેન કનૈયાલાલ પંચોલી-સુરત હસ્તે : ધર્મેન્દ્રભાઇ -મુકેશભાઇ કનૈયાલાલ પંચોલી - ચા-નાસ્તા સ્પોન્સર

રૂા. ૫,૦૦૦/- શ્રીમતિ રેખાબેન નિશિકાંતભાઇ પંચોલી-સુરત

રૂા.૧૧,૧૧૧/- શ્રીમતિ અમિષા અજય પંચોલી -અંકલેશ્વર અધ્યક્ષ સ્થાનેથી

રૂા. ૭,૫૦૦/- શ્રી કેયૂર ચેતનભાઇ પંચોલી-મુંબઇ શ્રી કંદર્પ ચેતનભાઇ પંચોલી-વડોદરા શુભેચ્છા ભેટ

રૂા. ૫,૦૦૦/- સ્વ. નટવરલાલ રતિલાલ કાપડિયાના સ્મરણાર્થે હસ્તે નિલેશભાઇ નટવરભાઇ કાપડિયા પરિવાર

| | |
|---|---|
| ૫૦૦ | રમણભાઇ છગનલાલ પંચોલી-અંકલેશ્વર |
| ૫૦૧ | શ્રી નવસારી પંચોલી જ્ઞાતિ પંચ-નવસારી |
| ૫૦૦ | શ્રી અશ્વિનભાઇ શાંતિલાલ પંચોલી-વડોદરા |
| ૧,૫૦૦ | શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇ |
| ૫૦૦ | શ્રી પ્રણવભાઇ પંચોલી-નવસારી |
| ૧,૧૧૧ | શ્રીમતિ જયાબેન બાબુલાલ પંચોલી-લંડન |
| ૫૦૧ | શ્રીમતિ ઉષાબેન જયંતિભાઇ મિસ્ત્રી-નવસારી |
| ૨૧૦૦ | શ્રી નરેન્દ્રભાઇ કંસારા-અમદાવાદ |
| ૫૦૦ | શ્રી પંચોલી સમાજ-વડોદરા |
| ૧૧૦૦ | શ્રી જનકભાઇ પંચોલી-સુરત |
| ૧૫૧ | શ્રીમતિ શોભાબેન કિશોરભાઇ મિસ્ત્રી -બીલીમોરા |
| ૫૦૧ | શ્રી નિલેશભાઇ એસ. મહેતા-અંકલેશ્વર |
| ૧૦૦૧ | શ્રી કૃણાલ છનુભાઇ પંચોલી ભરૂચ |
| ૧૦૦૧ | શ્રી શ્યામ છનુભાઇ પંચોલી-સુરત |
| ૨૦૦ | શ્રી અમિત ધનેશભાઇ મિસ્ત્રી-સુરત |
| ૧૦૦૧ | માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી-મુંબઇ |
| ૨૦૦ | શ્રી પરેશભાઇ મગનભાઇ પંચોલી-અંકલેશ્વર |
| ૫૦૦ | શ્રી પંચોલી સમાજ-રાજપીપલા |
| ૫૦૦ | ગિરીશભાઇ એમ. પંચોલી-વડોદરા |
| ૧૦૦૧ | સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ-સુરત |
| ૫૦૧ | શ્રી ભદ્રાબેન અરવિંદભાઇ મિસ્ત્રી-સુરત |
| ૫૦૦ | સોનલબેન મનોજભાઇ પંચોલી-અંકલેશ્વર |
| ૨૫૦૦ | આવિસ્કાર ગ્રુપ-મુંબઇ |
| ૫૦૦ | પંચોલી સેવા સમાજ-બારડોલી |

**કોઇ વ્યકિતએવી પણ હોય છે...**
**જે ફકત આપણી સામે જ**
**આપણી હોય છે..**

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારા
## વાર્ષિક સાંસ્કૃતિક પોગ્રામ અને પારિતોષક વિતરણ સમારંભ

શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાનો વાર્ષિક સાંસ્કૃતિક અને પારિતોષક વિતરણ સમારંભ તા. ૧૨.૦૧.૨૦૨૦ના રવિવારના રોજ ડો. શ્યામા પ્રસાદ મુકરજી ટાઉન હોલ ખાતે બપોરે ૩ થી ૭ કલાક દરમ્યાન યોજવામાં આવ્યો હતો. જેમાં સમારંભના પ્રમુખ તરીકે વ્યારાના શ્રી નવનિતલાલ ડાહ્યાભાઇ પંચોલી અને અતિથિવિશેષ કુ. માનસી ભુપેનભાઇ ગાંધીએ સ્થાન શોભાવ્યું હતું.

સમારંભની શરૂઆત રાષ્ટ્રગીત દ્વારા ૪૫૦ સભ્યોની હાજરીમાં કરવામાં આવી. વ્યારા મહિલા મંડળના સભ્ય ભુમિબેન તેજશભાઇ ગાંધીએ મધુર કંઠે પ્રાર્થના ગાઇ ભગવાનને યાદ કરી સમારંભની શરૂઆત કરી. શ્રી પંચોલી જ્ઞાતિ સમાજ વ્યારાના પ્રમુખ શ્રી ભરતભાઇ સી. પંચોલીએ સ્વાગત પ્રવચન આપી જ્ઞાતિજનોને આજના કાર્યક્રમ અંગે શુભેચ્છાઓ પાઠવી.

સ્ટેજ પર બિરામાન મહેમાનોનું સ્વાગત પુષ્પગુચ્છ આપી કરવામાં આવ્યું. સમાજના ગત વર્ષ ૨૦૧૮-૧૯માં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા જેની વિગત અહેવાલમાં આપવામાં આવી છે. સમાજના બાળકો ભણવાની સાથે સાંસ્કૃતિક ક્ષેત્રે પણ બાળકો આગળ રહે તે માટે સમાજના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની વિવિધ કૃતિઓ રજુ કરવામાં આવી. જેને જ્ઞાતિજનોએ મન મુકીને નિહાળી. સાંસ્કૃતિક કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સૌ જ્ઞાતિજનોએ ભોજનનો રસાસ્વાદ માણી છુટા પડયા.

વર્ષ ૨૦૧૮-૧૯ ઇનામ વિતરણ

| | | |
|---|---|---|
| નવો પ્રવેશ | પંચોલી દક્ષ હિરેનભાઇ | |
| | પંચોલી જયરાજ હેમંતભાઇ | |
| | પંચોલી પ્રથમ પૂર્વેશભાઇ | |
| | પંચોલી નંદની અંકિતકુમાર | |
| ધો.૧ | પંચોલી હેનિશા વિજયભાઇ | ૯૯.૦૯ |
| | પંચોલી કાવ્યા સંદિપભાઇ | ૯૯.૦૫ |
| ધો.૨ | પંચોલી હેત વિપુલભાઇ | ૯૯.૭૦ |
| | પંચોલી શૌર્ય પ્રિતેશભાઇ | ૯૯.૦૫ |
| | પંચોલી આસ્થા કલ્પેશભાઇ | ૮૫.૦૦ |
| ધો.૩ | પંચોલી પ્રીત મિતેશભાઇ | ૯૮.૨૧ |
| | પંચોલી દેવ તેજસભાઇ | ૮૯.૩૦ |
| | પંચોલી પ્રનિલ ધવલભાઇ | ૮૨.૭૧ |
| ધો.૪ | પંચોલી રિધ્ધિ રાજેશભાઇ | ૯૫.૦૨ |
| | પંચોલી જલ મયુરભાઇ | ૫૦.૪૦ |
| ધો.૫ | પંચોલી રૂષાલી હિતેશભાઇ | ૬૨.૪૩ |
| ધો. ૬ | પંચોલી કશક સંદિપભાઇ | ૭૮.૧૨ |
| | પંચોલી માર્ગી ભદ્રેશભાઇ | ૭૬.૨૫ |
| | પંચોલી ખુશી વિનોદભાઇ | ૬૯.૨૮ |
| ધો.૭ | પંચોલી યુગ આશિષભાઇ | ૯૭.૦૬ |
| | પંચોલી તનીશા મયુરભાઇ | ૯૩.૮૬ |
| | પંચોલી દેવાંશી સુનિલભાઇ | ૯૧.૨૧ |
| ધો.૮ | પંચોલી મૈત્રી ધર્મેશભાઇ | ૮૩.૧૪ |
| | પંચોલી ઉર્જા રાકેશભાઇ | ૭૧.૮૫ |
| | પંચોલી જલ્પન ભદ્રેશભાઇ | ૬૬.૧૭ |
| ધો.૯ | પંચોલી હેમીશ તૃષારભાઇ | ૮૭.૨૮ |
| | પંચોલી દૃષ્ટિ હિતેશભાઇ | ૭૭.૧૩ |
| | પંચોલી વત્સલ કેતનભાઇ | ૬૯.૧૪ |
| ધો.૧૦ | પંચોલી વત્સલ દર્શનભાઇ | ૭૮.૩૩ |
| | પંચોલી ઇશા વિનોદભાઇ | ૬૯.૧૭ |
| | પંચોલી કિંજલ વિજયભાઇ | ૪૧.૪૦ |
| ધો. ૧૧ | પંચોલી માલવ અવનિશભાઇ | ૬૬.૨૯ |
| | પંચોલી હેમ ધર્મેશભાઇ | ૫૯.૬૪ |
| | પંચોલી હેત્વી નરેશભાઇ | ૪૧.૪૦ |
| ધો.૧૨ | ગાંધી વલ્લરી રાજેશભાઇ | ૬૫.૫૩ |
| | પંચોલી સ્તુતિ ચેતનકુમાર | ૬૨.૪૬ |
| | પંચોલી મનસ્વી પરેશભાઇ | ૫૨.૨૭ |
| વિભાગીય | | |
| ધો.૧ થી૫ | પંચોલી હેનિશા વિનયભાઇ | ૯૯.૯૦ |

ધો. ૬ થી ૮ પંચોલી યુગ આશિષભાઇ ૯૭.૦૬
ધો. ૯ - ૧૦ પંચોલી હેમીશ તુષારભાઇ ૮૭.૨૮
ધો. ૧૧-૧૨ પંચોલી માલવ અવનીશભાઇ ૬૬.૨૯

તેજસ્વી તરલા-૨૦૧૯-૨૦

પંચોલી પાર્શવ યતિનભાઇ - B.Com.
પંચોલી બ્રિજેશ સનતભાઇ B.E. Electrical
પંચોલી સ્નેહા તેજશભાઇ B.Ed.
ગાંધી સિધ્ધિ હિતેશભાઇ B.Design.

આજના પ્રસંગે મળેલ દાન

૨૫૦૦ નિતિક્ષા વિમલ પંચોલી USA
૮૦૦ સુનિલ શાંતિલાલ પંચોલી-પાર્થના લગ્ન નિમિત્તે.
૮૦૦૦ દક્ષાબેન મહેશભાઇ પંચોલી તરફથી સ્વ. મણીલાલ મોરારભાઇ પંચોલીના સ્મરણાર્થે શૈક્ષણિક સહાય માટે.
૭૫૦૦ સ્વ. બિપિનચંદ્ર અમૃતલાલ પંચોલીના ફોટા માટે ગં.સ્વ. રક્ષાબેન તથા પરિવારજનો તરફથી
૫૦૦ પરેશભાઇ રતીલાલ ગજ્જર
૨૧૦૦ નવિનચંદ્ર હરીભાઇ પંચોલી-લેસ્ટર
૫૦૦૦ શાંતિલાલ છગનલાલ પંચોલી-વ્યારા નિરાધાર સહાય ફંડમાં
૧૦૦૦ જયેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી-યુ.કે.
૨૫૧૦૧ નવનિતલાલ ડાહ્યાભાઇ પંચોલી પરિવારજનો તરફથી શૈક્ષણિક સહાય માટે
૨૧૦૧ નયનાબેન બિપીનચંદ્ર પંચોલી તરફથી
૫૦૦૦ પી.પી. સવાણી ગ્રુપ સુરત
૭૫૦૦ સ્વ. શિવલાલભાઇ કિકાભાઇ પંચોલી ફોટા માટે
૭૫૦૦ સ્વ. કિકીબેન શિવલાલભાઇ પંચોલી ફોટા માટે
૩૦૦૦ કુ. વલ્લરીના ધો.૧૨ પાસ નિમિત્તે હ. રાજેશભાઇ નટવરલાલ ગાંધી
૨૫૦૦ કુ. માનસી ભુપેન્દ્રભાઇ ગાંધી

## શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ-સુરત

તા. ૮.૧.૨૦૨૦ના રોજ શ્રી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચની કારોબારી સભા યોજવામાં આવી હતી જેમાં વિધિવત કાર્યોમાં સભ્યોની હાજરી, મિનિટસ્ અંગે મંજુરી તથા આવેલ અરજીઓ અંગે વિસ્તૃત ચર્ચા કરી નિર્ણયો લેવાયા હતાં.

કારોબારી સભ્યોની રજુઆતને પગલે કારોબારીએ સુરત પંચના લ્હાણેદારોને નજીકના કારોબારી સભ્યો અથવા હોદ્દેદારશ્રીનો સંપર્ક કરી પોતાની માહિતી સત્વરે નોંધાવી દેવાની રહેશે. આ માટે સમય મર્યાદા તા. ૨૮.૦૨.૨૦૨૦ રાખેલ છે. આ માટે જે દાતાઓ પોતાની જાહેરાત આપવા ઇચ્છતા હોય તેઓ હોદ્દેદારોનો અથવા કારોબારી સભ્યોનો સંપર્ક કરી શકશે.

જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મુખ્ય સ્પોન્સર | : | રૂા. ૩૧,૦૦૦/- |
| છેલ્લુપાનુ અંદર તરફનું | : | રૂા. ૫,૦૦૦/- |
| છેલ્લુ પાનુ બહાર તરફનું | : | રૂા. ૭,૦૦૦/- |
| ફુલ પેજ જાહેરાત | : | રૂા. ૩,૦૦૦/- |
| હાફ પેજ જાહેરાત | : | રૂા. ૨,૦૦૦/- |
| બોટમ લાઇનર | : | રૂા. ૧,૦૦૦/- |

આ સિવાય જે સભ્યોએ વાર્ષિક વિકાસ ફાળાની રકમ જમા કરાવેલ છે તેઓનો આભાર અને જેઓની રકમ જમા કરાવવાની રહી ગઇ હો તેઓએ સત્વરે જમા કરાવવા વિનંતી..

| | |
|---|---|
| **પ્રમુખ** | **ઉપપ્રમુખ** |
| મુકેશ ડે. પંચોલી | કમલેશ એચ. ગજ્જર |
| **મંત્રી** | **સહમંત્રી** |
| ધવલ જે. પંચોલી | નિલેશ જે.પંચોલી |
| **ખજાનચી** | **સહ ખજાનચી** |
| ઉમેશ બી. પંચોલી | ધર્મેશ એ. પંચોલી |
| **આઇ.પી.પી** | **વહીવટદાર** |
| હેમંત સી. મિસ્ત્રી | અમૃતલાલ એન. મહેતા |
| **કારોબારી સમિતિ** | દક્ષય પી. ગજ્જર |
| રાજેશ પી. ગાંધી | જતીન આર. પંચોલી |
| મોરલીધર ડે. ઝવેરી | સંદીપ છાપાવાલા |
| પ્રિયેશ ડે. પંચોલી | રોહન એચ. પંચોલી |
| કલ્પેશ પી. આરીવાલા | નિશિકાંત બી. મિસ્ત્રી |

| | | | |
|---|---|---|---|
| મનોજ એન. ગજ્જર | પ્રતિક પી. પંચોલી | કિર્તીભાઇ સી. પંચોલી | પ્રફુલભાઇ એમ. પંચોલી |
| ભૂપેશ ડી. ગજ્જર | રાજેન્દ્રભાઇ જે. મિસ્ત્રી | હિરેન જે. પંચોલી | મૃદુતા પી. પંચોલી |
| સંજય એમ. જરીવાલા | હેમંત એમ. જરીવાલા | ચિરાગ એચ. પંચોલી | પ્રદિપ એ. મહેતા.. |

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા




તેજસ્વીની મહિલા મંડળ, વડોદરાની જાન્યુઆરી માસની કારોબારી સભ્યોની મિટિંગ તા. ૨૩.૦૧.૨૦૨૦ને ગુરૂવારના રોજ બપોરે ૩.૩૦ કલાકે પ્રીતિબેન જે. પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. પ્રીતિબેને સૌ બહેનોને ચા-કોફી પીવડાવી સ્વાગત કર્યુ.

મિટિંગની શુભ શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી ગુરૂવાર હોવાથી દત્તબાવની બોલ્યા. સમાજમાં દિવંગત પામેલ આત્માઓની શાંતિ માટે બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાંજલી આપવામાં આવી. આનંદીબેને ગત મિટિંગનો અહેવાલનું વાંચન કર્યુ.

૨૬મી જાન્યુઆરીને અનુલક્ષીને સૌ બહેનો ઘરેથી ત્રિરંગા ધ્વજ બનાવી લાવી હતી. ત્યારબાદ પ્રોજેકટ અનુસાર પેપરમાંથી ત્રિરંગાબેગ બનાવી સુશોભન કરવાનું હતું. બધી બહેનો વિવિધ આકારની ત્રિરંગાબેગ બનાવી લાવી હતી. નિર્ણાયક તરીકે રિધ્ધિએ સેવા આપી હતી. જેમાં પ્રથમ નિકુંજબેન અને દ્વિતીય નીમાબેન વિજેતા થયા હતાં.

પ્રીતિબેન ગેમ નં.૧ રમાડી જેમાં પ્રથમ જયોત્સનાબેન અને દ્વિતીય સપનાબેન વિજેતા જાહેર થયા. પ્રીતિબેને હાઉસી રમાડી.

વસંત પંચમી પર્વની ઉજવણી સરસ્વતીમાનો ફોટો મુકી પૂજન કર્યુ. પેપરબેગ અને ગેમના વિજેતા બહેનોને પ્રીતિબેન તરફથી ઇનામ આપી પ્રોત્સાહિત કર્યા. અંતમાં સ્વાદિષ્ટ ભોજન અને સુંદર વ્યવસ્થા બદલ પ્રીતિબેન, શકુબેન, સોનલબેન તેમજ સેજલબેન અને તેમના પરિવારજનોનો પ્રજ્ઞાબેને કારોબારીના સભ્યો તરફથી આભાર માનવામાં આવ્યો. સ્વાદિષ્ટ ભોજનને ન્યાય આપી છુટા પડયા..

૫૦૦ રમેશભાઇ એન. પંચોલી તરફથી પૌત્રી માનસીના લગ્ન નિમિત્તે ભેટ.

૨૫૦ સુરેખાબેન બી. પંચોલી તરફથી ચિ. ધ્રુવ વધુ અભ્યાસ અર્થે કેનેડા ગયો તે નિમિત્તે.

૨૦૦ સપનાબેન એચ. પંચોલી તરફથી ચિ. શીખાના લગ્ન નિમિત્તે.

૧૦૦ જયોતિબેન એસ. પંચોલી તરફથી સમર્થ બંકિમભાઇ પંચોલીની બર્થડે નિમિત્તે

૧૦૦ જયોતિબેન એસ. પંચોલી તરફથી પરમેશ્વરી બંકિમભાઇ પંચોલીની બર્થડે નિમિત્તે.

## પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર



તા. ૧૮.૦૧.૨૦૨૦ના પંચોલી મહિલા મંડળની વર્ષની પ્રથમ મિટિંગ પ્રિયંકાબેન ધવલભાઇ મિસ્ત્રી-

પંચોલી નવયુગ શુભચિંતક | સ્વ. શાંતિલાલ ફકીરભાઇ પંચોલી સુરત | સ્વ. જગજીવનદાસ કલ્યાણજી ગજ્જર સુરત

રામનગરના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી. પ્રજાસત્તાક દિન નિમિત્તે સૌ બહેનો ત્રિરંગી કપડા પરિધાન કરી આવ્યા હતાં.

પ્રિયંકાબેને સૌને આવકાર્યા. સમુહમાં પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. મંત્રી સોનલબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. ખજાનચી જાગૃતિબેને નવા વર્ષની ફીનું કલેકશન કર્યુ હતું.

પ્રોજેકટ અનુસાર વેસ્ટ માંથી બેસ્ટ કેરીબેગની હરીફાઇ રાખવામાં આવી હતી. જેમાં બધી બહેનો વિવિધ રીતે બેગો બનાવી લાવી હતી. આ કોમ્પીટીશનના નિર્ણાયક તરીકે મેઘાબેન પટેલે સેવા આપી હતી. સ્પર્ધામાં પ્રથમ દક્ષાબેન દિનેશભાઇ મિસ્ત્રી અને દ્વિતીય સંગીતાબેન રમણભાઇ પંચોલી વિજેતા થયા હતાં.

પ્રિયંકાબેને વન મિનિટ ગેમ રમાડી તેના ૫૦થી ઉપરમાં દક્ષાબેન અને ૫૦ વર્ષથી નીચેનામાં સોનલબેન મનોજભાઇ અને દ્વિતીય જાગૃતિબેન ગોપાલભાઇ વિજેતા થયા હતાં.

મુંબઇ અમૃત મહોત્સવ નિમત્તે રાખવામાં આવેલ નિબંધ સ્પર્ધામાં દક્ષાબેન પ્રથમ વિજેતા બન્યા હતા. એમને સૌએ અભિનંદન પાઠવ્યા. અને મળેલ ઇનામ માજી પ્રમુખ મીનાબેન છગનભાઇ મિસ્ત્રીના વરદ હસ્તે આપવામાં આવ્યું હતું.

૨૬ જાન્યુઆરી આવતી હોવાથી સૌએ દેશભકિત ગીત ગાયા બાદ સૌએ રાષ્ટ્રગાન જન ગન મન... માન સહિત ઉભા થઇ ગાયુ હતું.

આગામી મિટિંગ બિનીતાબેન હેમેન્દ્રભાઇ પંચોલીને ત્યાં રાખવાનું નકકી કરવામાં આવ્યું હતું. આ દિવસે રાંધ્યા વિનાની વાનગી હરીફાઇ અને વેલેન્ટાઇન ડે ની ઉજવણી કરવામાં આવશે. નિર્ણાયક મેઘાબેનનો આભાર વ્યકત કરી સ્મૃતિ ભેટ આપી હતી. અંતમાં અલ્પાહાર અને શરબતને ન્યાય આપી છુટા પડયા..

તા. ૮.૧.૨૦૨૦ના રોજ મહિલા મંડળની બહેનો દિવ્યાંગ બાળકોની સ્કૂલ શૈશવમાં મકરસંક્રાતી નિમિત્તે પતંગ દોરી, ચીકી, બોર, નાસ્તાના પેકેટ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકો સાથે રમત રમી, ગીત ગાઇને મકરસંક્રાતીની ઉજવણી કરવામાં આવી હતી.

## પંચોલી ભગીની સમાજ – રાજપીપલા

ડિસેમ્બર માસની મિટિંગ તા. ૧૭.૧૨.૨૦૧૯ની મિટિંગ અનસુયાબેન પંચોલીને ત્યાં રાખવામાં આવી હતી. ગુરૂવંદનાથી મિટિંગની શરૂઆત કરી દિવંગત થયેલ જ્ઞાતિજનોને શ્રધ્ધાંજલી આપી હતી. અનસુયાબેને માઝા પીવડાવી સૌનું સ્વાગત કર્યુ.

૨૫ ડિસેમ્બર આવતી હોવાથી ક્રિસમસની ઉજવણી કરી સૌ બહેનો ઘરેથી ક્રિસમસ ટ્રી ડેકોરેટ કરીને લાવી હતી. અને બલુન ડેકોરેશન અનુયાબેનના ઘરે કરવામાં આવ્યું હતું સૌ બહેનો માસ્ક, કેપ પહેરીને ૩૧ ડિસેમબરની ઉજવણી કરી નવુ સાલ ૨૦૨૦ની સ્વાગત કર્યુ હતું. ઘરેથી બનાવીને લાવેલ કેક ખવડાવીને સૌએ સેલીબ્રેશન કર્યુ હતું. બહેનોએ લાઇવ સલાડ ડેકોરેશન કર્યુ હતું. ગેમ રમાડી, અંતાક્ષરી અને હાઉસી રમાડી, ક્રિસમસ હોવાથી રેડ વસ્ત્રો પરીધાન કર્યા હતા.

વર્ષ ૨૦૧૯ની સાલના પ્રોજેકટો પુરા કર્યા અને ૨૦૨૦નીસાલના પ્રોજેકટો કરવા જઇ રહ્યા છે. આજરોજ નીચે મુજબ ભેટ મળી હતી.

૫૦ સ્મૃતિ પંચોલી-એનીવર્સરી નિમિત્તે

૧૦૦ અનુરાગના લગ્ન પ્રસંગ નિમિત્તે

૫૧ હિના પંચોલી-બર્થડે

૫૦ રેખાબેન બર્થડે

૧૦૦ અનસુયાબેન બર્થડે નિમિત્તે મળ્યા.

અનસુયાબેન તરફથી સૌને શીયાળુ વાનગીનો રસાસ્વાદ કરાવી અનસુયાબેનનો આભાર માની સૌ છુટા પડયા.

જાન્યુઆરી માસની પહેલી મિટિંગ ઉષાબેન પંચોલીને ત્યાં રાખવામાં આવી. ગુરૂવંદના તથા દત્તબાવની થી શરૂઆત કરી મૃતક આત્માઓને શ્રધ્ધાંજલી આપી. જામફળના શરબતથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું. અંકલેશ્વરના આકાંક્ષા-૩ની ચર્ચા કરી અને સુંદર પોગ્રામની વાતો શેર કરી. ૨૬મી જાન્યુવારી નિમિત્તે સફેદ, લીલો અને કેસરી રંગના વસ્ત્રો પરિધાન કર્યા

હતાં. દેશભકિત ગીત ગાયા અને ગેમ રમ્યા. મકરસંક્રાંતિ આવતી હોવાથી પતંગ, દોરા, વસાણુ, ચીકકી, બોર, હેરડી વગેરે ઘરે લઈ આવ્યા હતા.

ઉષાબેન તરફથી કંતાન તથા વેસ્ટમાંથી બેસ્ટ કેરીબેગની કોમ્પીટીશન રાખવામાં આવી હતી. સર્વે બહેનો સુંદર બેગ બનાવી લાવી હતી... જેમાં પ્રથમ-દક્ષાબેન પંચોલી, દ્વિતીય-સ્મૃતિબેન પંચોલી, તૃતીય-જયશ્રીબેન પંચોલી અને પૂર્ણિમાબેન પંચોલી વિજેતા થયા ઉષાબેન તરફથી સ્વેચ્છીક ઈનામ વિતરણ કરવામાં આવ્યું. ઉષાબેન તરફથી શિયાળામાં બનતી વાનગીનો રસાસ્વાદ કરાવ્યો. આગામી મિટિંગ જયશ્રીબેનને ત્યાં રાખવાનું નક્કી કર્યુ. જયશ્રીબેને ઉષાબેનનો આભાર વ્યકત કરી છુટા પડયા.

## ટીપે ટીપે સરોવર ભરાય

રૂા. ૨૦૦/- વ્યારા નિવાસી ગં.સ્વ. આશાબેન નરેશભાઇ પંચોલી તરફથી સ્વ. નરેશભાઇ જમનાદાસ પંચોલીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે..

રૂા. ૨૫૧/- સચીન નિવાસી શ્રી અરવિંદભાઇ નરભેરામ પંચોલી તરફથી ૨૬.૧૧.૨૦૨૦ ના રોજ વર્ષગાંઠ નિમિત્તે..

રૂા. ૨૫૧/- સચીન નિવાસી શ્રીમતિ કુસુમબેન અરવિંદભાઇ પંચોલી તરફથી તા. ૯.૧૧.૨૦૨૦ના રોજ વર્ષગાંઠ નિમિત્તે.

રૂા. ૧૦૧/- નવસારી નિવાસી સ્વ. એ.સૌ. ભગવતીબેન હસમુખલાલ પંચોલીના સ્મરણાર્થે પરિવારજનો તરફથી.

રૂા. ૫૦૧/- અંકલેશ્વર નિવાસી ગં.સ્વ. જયોતિબેન બાબુભાઇ પંચોલી તરફથી સ્વ. બાબુભાઇ હરગોવિંદભાઇ પંચોલીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે.

રૂા. ૫૦૧/- નાલાસોપારા નિવાસી શ્રીમતિ રચના હેમિલકુમાર મિસ્ત્રી તરફથી પિતાશ્રી સ્વ. બાબુભાઇ હરગોવિંદભાઇ પંચોલીની પ્રથમ પૂણ્યતિથિ નિમિત્તે.

## એક વાર જાવુ હરીના ધામમાં



નવસારી નિવાસી અ.સૌ. ભગવતીબેન હસમુખલાલ પંચોલી તા. ૧૯.૦૧.૨૦૨૦ના રોજ હરીના ધામમાં ગયા.



બીલીમોરા નિવાસી જીતેન્દ્રભાઇ રમેશભાઇ પંચોલી તા. ૨૫.૧૧. ૨૦૧૯ ના રોજ હરીના ધામમાં ગયા.



પંચોલી પંચ નવસારીના માજી પ્રમુખ અને ટ્રસ્ટી શ્રી દિપકભાઇ નટવરલાલ મિસ્ત્રી ૩૧.૦૧.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૦



પંચોલી પંચ નવસારીના ટ્રસ્ટી અને અંગદાતા શ્રી જયંતિલાલ ચંદુભાઇ મિસ્ત્રી તા. ૩૧.૦૧.૨૦૨૦ ના રોજ હરીના ધામમાં ગયા. ઉ.વ. ૬૬

# આકાંક્ષા-૩ની ઝાંખી



રાષ્ટ્રગીત ગાન



તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



બારડોલી



નવસારી એકમ



તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા



જર્ની ટુ લાઈટ્સ-અંકલેશ્વર



હાસ્ય નાટક-સ્વયં સુરત



મોનોએક્ટીંગ-રાજપીપલા



હેપી એન્ડીગ

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી મધુસુદનભાઈ ચંદુલાલ પંચોલી વડોદરા શ્રી અશ્વિનભાઈ શાંતિલાલ પંચોલી વડોદરા



બેટી બચાવો-બેટી પઢાવો......અંકલેશ્વર ગ્રુપ



વિચં-બીલીમોરા



બારડોલી એકમ

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી સંજીવ પંચોલી વડોદરા | શ્રી રમેશચંદ્ર નાથાલાલ પંચોલી વડોદરા

**Book-Post**

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, Malay-98240 64282. Email : pancholinavyug@gmail.com**